ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૧૧-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

મોદી મેજિકમાં ઘેલું થયું ઓસ્ટ્રેલિયા

વડાપ્રધાનને નેતા કહીશું કે અભિનેતા? એ અડધાપડધા અભિનેતા છે એમ અડધાપડતા જાદુગર પણ છે. એમણે આખા ઓસ્ટ્રેલિયાને ઘેલું લગાડ્યું છે. વડાપ્રધાન ટોની એબટ તો મોદીના મુરીદ જ બની ગયા છે. કહે છે : કોઇને રાજનીતિ શીખવી હોય તો મહાગુરુ મોદી પાસેથી શીખે. મોદી ઓસ્ટ્રેલિયાની સંસદને સંબોધિત કરીને વિશ્વનેતાઓની આંખમાં આવી ગયા છે. ભારતથી ઓસ્ટ્રેલિયાનું અંતર એક રાતભરની મુસાફરી જેટલું હોવા છતાં ભારતના વડાપ્રધાનને ઓસ્ટ્રેલિયાની મુલાકાત લેતાં ખાસ્સા અઠ્ઠાવીસ વર્ષ નીકળી ગયાં છે. રાજીવ ગાંધી પછી મોદીએ આ મહેણું ભાંગ્યું છે. ઓસ્ટ્રેલિયાના એક છેડેની બીજા છેડે એક ઇન્ડિયાના હવાઇ જવાજમાં ઊડી રહેલાં મોદી ત્યાંની સરકારથી માંડી પ્રજા સુધી એક દેવદૂત જેવું બહુમાન મેળવી રહ્યાં છે. ઓસ્ટ્રેલિયા છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતીય વિદ્યાર્થીઓ માટે અમેરિકા અને કેનેડાના વિકલ્પ તરીકે ઊપસી આવેલ છે. વળી ક્રિકેટ જેવી આંતરરાષ્ટ્રીય રમતમાં ઓસ્ટ્રેલિયા અને ભારત એકબીજાનાં પ્રતિસ્પર્ધી રહ્યાં છે. મુલાકાતના આખરી તબક્કામાં મોદી 'મેલબોર્ન ટેસ્ટ' સાથે મુખોમુખ થઇ રહ્યાં છે. મીડિયાએ એમને 'મેલબોર્ન ટેસ્ટ' ના સૌથી મોટા ખેલાડી ગણાવ્યા છે. મેલબોર્નમાં છેલ્લો 'શો' પતાવી મોદી ફિજી ટાપુ જવાના છે, જયાં સેંકડો વર્ષો પહેલાં ભારતીય વસાહતીઓએ એક નાનકડું હિન્દુસ્તાન ઊભું કર્યું છે. મોદીનો આ પ્રવાહ એ દૃષ્ટિએ પણ ઐતિહાસિક છે. બ્રિસ્બેન જેવા પ્રમાણમાં શાંત શહેરમાં મોદીનાં પગલાં પડતાંની સાથે ભારે સળવળાટ થઇ ગયો હતો. શું સિડનીના આલ્ફાન્ઝો એરેનાના ભારતીય મૂળના વિદેશવાસીઓ સાથેનાં સંમેલનની જેમ વિશ્વનેતાઓને પ્રભાવિત કરનારી મોદીની મુલાકાતોને પણ પ્રાયોજિત 'સ્પોન્સર્ડ' કહી શકાશે? મોદી - મોદી - મોદીના નારા સાંભળીને શક્ય છે કે વિશ્વનેતાઓના પેટમાં પણ તેલ રેડાયું હોય પરંતુ મોદીના પ્રભાવનો હવે અમેરિકન સામયિકોએ પણ સ્વીકાર કરવો પડ્યો છે. મોદીને વિશ્વચિંતકોની હરોળમાં સ્થાન અપાયું છે. ઓબામાએ મોદીને 'મેન ઓફ એક્શન' જેવું કોમ્પ્લિમેન્ટ આપ્યું એની પ્રતિક્રિયા સ્વરૂપે સોનિયા ગાંધીએ એમના વડસસરા પંડિત નહેરુને 'મેન ઓફ એક્શન' તરીકે બિરદાવ્યા છે. ૧૯૬૪માં ગુજરી ગયેલા નહેરુના નામે વિદ્યમાન વડાપ્રધાનના વિશ્વવિજય કરવા નીકળી ચૂકેલા રથને અટકાવવાનું ઘણું જ અઘરું છે. મોદી હવે ગુજરાત અને ભારતની સરહદો ઓળંગીને ઘણા દૂર નીકળી ગયા છે. બદલાયેલા સંજોગોમાં ઘણું બધું બહુ જલદી જલદી બની રહ્યું છે. જે અમેરિકા મોદીને ગુજરાતના નરસંહારના ગુનેગાર ગણી એમની સાથે આભડછેટ રાખતું હતું તે હવે એમને આવકારવા લાલ જાજમ પાથરે છે. મેડિસન સ્કવેર પર ઊભરાયેલી મેદનીને ઝાંખી પાડે એવી મેદની સિડનીમાં પણ ઊમટી. મોદીને સાંભળવા માટે સ્પેશિયલ 'મોદી એક્સપ્રેસ' જેવી ટ્રેન દોડાવાઇ! શું આપણા દેશમાં અમેરિકા કે ઓસ્ટ્રેલિયાના નેતા માટે આગામી સો વરસ સુધી પણ આવી ઘેલછા સંભવિત છે? મોદી જયાં જાય છે ત્યાં ફક્ત રાજદ્વારી અગ્રણીઓને જ નથી મળતા. તેઓ આર્થિક-વ્યાપારિક સંબંધો સંદર્ભે મોટાં ઉદ્યોગગૃહોના કાર્યવાહકોને મળીને ભારતમાં નિવેશ કરવાનું નોતરું આપવાનું ચૂકતા નથી. મોદીએ ઓસ્ટ્રેલિયા સાથે પાંચ મહત્ત્વનાં મુદ્દાઓ પર કરારો કરવામાં સફળતા મેળવી છે. ભારતને શાંતિપૂર્ણ ઉદ્દેશો માટે અણુશક્તિ વિકસાવવા માટે યુરેનિયમની સતત જરૂર પડે છે. જાપાન પાસેથી યુરેનિયમ મેળવવામાં નિષ્ફળ રહેલા વડાપ્રધાનને ઓસ્ટ્રેલિયા તરફથી સઘિયારો સાંપડયો છે. મોદીએ ભારત અને ઓસ્ટ્રેલિયાને એકમેકનાં પૂરક અને સહયોગી લોકશાહી રાષ્ટ્રો ગણાવ્યાં છે. પહેલાં વિશ્વ યુદ્ધમાં ભારત અને ઓસ્ટ્રેલિયા બ્રિટનની પડખે મિત્ર રાજયો તરીકે ખભેખભો મિલાવીને લડ્યાં હતા, એટલે માનસિંહની ચાંદીની મૂર્તિ ત્યાંના વડાપ્રધાનને ભેટ ધરીને મોદી અટક્યા નથી. એમણે ઝાંસીની રાણી લક્ષ્મીબાઇના મિત્ર અને વકીલ ઓસ્ટ્રેલિયન નવલકથાકાર વિશેના દસ્તાવેજ પણ એમને સુપરત કર્યા! આવી શુભચેષ્ટા અગાઉના કોઇ ભારતીય નેતા કેમ નહીં દાખવી શક્યા હોય? મોદી બીજા નેતાઓ કરતાં જુદા પડે છે તે એમની આવી મૌલિક બાબતોને કારણે. કાળાં નાણાંના મુદ્દે પણ જી-૨૦ સંગઠનનાં રાષ્ટ્રો એકમેકને માહિતી ઉપલબ્ધ કરાવવા સહમત થયાં તે મોદીની સંકલ્પશક્તિની ફલશ્રુતિ છે. જી-૨૦ રાષ્ટ્રોના અન્ય કોઇ નેતાએ આ મુદ્દો ઉપસ્થિત કરવામાં રસ નહોતો. મોદીએ એશિયા-પેશિફિક રાષ્ટ્ર તરીકે ઓસ્ટ્રેલિયાને જે મહત્ત્વ આપ્યું છે, એનાં દૂરોગામી પરિણામો મળશે. સમુદ્રોની સુરક્ષાનો મુદ્દો ખુબ જ મહત્ત્વનો બની રહે છે. આતંકવાદથી દાઝેલા રાષ્ટ્રની બૂમ મોડી મોડી પણ દુનિયાને સાંભળવી પડી છે. આતંકવાદ અને નશીલા દ્રવ્યોની હેરાફેરી સામે સહિયારી લડત આપવા ઉપરાંત આ બેઉ લોકશાહી રાષ્ટ્રો સાંસ્કૃતિક અને શૈક્ષણિક આદાનપ્રદાન તથા આર્થિક ઉપક્રમોમાં 'મેઇડ ઇન ઇન્ડિયા' ના મોદીસંકલ્પ ને સ્વીકારશે તો નિશ્ચિત છે કે આગામી વર્ષોમાં ભારત વિશ્વની એક મોટી આર્થિક સત્તા સ્વરૂપે ઊપસી આવશે. અમેરિકામાં આપેલું એવું જ વચન મોદીએ ઓસ્ટ્રેલિયન પ્રજાને પણ આપ્યું છે. 'વિઝા ઓન અરાઇવલ' - એટલે કે ભારતમાં પગ મૂકતાંવેંત વિઝા ઉપલબ્ધ કરાવવાની વિદેશનીતિમાં ભારતીય પ્રવાસન ઉદ્યોગને વધુ વેગવંતો બનાવવાનો શુભાશય જરૂર છે, પરંતુ અમેરિકા અને ઓસ્ટ્રેલિયાની સરકારો સામે ભારતીય પ્રવાસીઓને એટલી ઉદારતાપૂર્વક આવકારવાના નથી, તે પણ મોદી જાણે છે. પરંતુ 'ગરીબ કી જોરૂ સબકી ભાભી.' મોદી એમનાં સ્વચ્છતા અભિયાન જેવાં નાનાં નાનાં કામોમાં એનઆરઆઇ કોમ્યુનિટીને જોતરી ને ભારતને વિકસિત રાષ્ટ્રોની હરોળમાં મૂકવા માંગે છે. બ્રિસ્બેનથી મેલબોર્ન સુધી મોદી મેજિક છવાયેલું રહ્યું છે, એ કોઇ નાનીસૂની બાબત નથી.

રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગરની એક જ એન્ટ્રી

આજે એકાંકી નાટ્ય સ્પર્ધામાં ગાંધીનગરનું નાટક 'જાદુગર'

૬ દિવસમાં ૩૦ નાટકોની ભજવણી : સુરતની સૌથી વધુ ૯ ટીમો : આણંદ અમરેલી અને ગાંધીનગરની ૧-૧ ટીમ : અમદાવાદ તરફથી ૩ નાટકો

ગાંધીનગર, તા. ૧૮ અમરેલી અને ગાંધીનગરની ૧-૧ ટીમ ભાગ લઈ રહી છે.

રાજ્યકક્ષાની એકાંકી નાટ્ય સ્પર્ધા અમદાવાદ ખાતે ચાલી રહી છે, જે અંતર્ગત બુધવારે ગાંધીનગર તરફથી નાટક 'જાદુગર' પ્રસ્તુત થવા જઈ રહ્યું છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા સોમવારથી આ સ્પર્ધાનો આરંભ કરવામાં આવ્યો છે, જે આગામી શનિવાર સુધી કાયમ રહેશે. આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી આવેલી ૩૦ જેટલી ટીમો ભાગ લઈ રહી છે, જે કારણે હાલ અમદાવાદનું વાતાવરણ નાટ્યમય બની ગયું છે.

જયશંકર સુંદરી નાટ્ય ગૃહ, રાયખડ ખાતે દરરોજ રાત્રે ૯ કલાકથી સ્પર્ધાનાં નાટકોની ભજવણી યોજવામાં આવી રહી છે, જે અંતર્ગત દરરોજ પાંચ નાટકો ભજવાઈ રહ્યાં છે.

આ સ્પર્ધામાં સુરતની ૯, ભાવનગરની ૬, નવસારીની ૩, અમદાવાદની ૩, જામનગરની બે, રાજકોટની બે, નડીયાદની બે, આણંદ,

બુધવારે સ્પર્ધાના ત્રીજા દિવસે ગાંધીનગર તરફથી કુંતલ નિમાવત લિખિત અને દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત નાટક 'જાદુગર' પ્રસ્તુત થવા જઈ રહ્યું છે, જેમાં દીપલ પરમાર, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવત અભિનય આપી રહ્યા છે. રોનક સુતરીયા, મયુર ભાટીયા અને નીતિન પરમાર અનુક્રમે મ્યુઝીક, લાઈટ અને બૅક સ્ટેજની કમાન સંભાળી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યકક્ષાની એકાંકી સ્પર્ધામાં ગાંધીનગર તરફથી માત્ર આ એક જ ટીમ ભાગ લઈ રહી છે, જેને નગરના કલાવિદો અને કલા સંસ્થાઓ તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

સ્પર્ધા અંતર્ગત યોજાઈ રહેલાં આ નાટકો નિહાળવા માટે કોઈ પણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. વહેલા તે પહેલાના ધોરણે બેઠક વ્યવસ્થા મેળવી આ નાટકો તદ્દન નિઃશુલ્કપણે નિહાળી શકાય છે.

આદર્શ નિવાસી શાળા નાંદોલ રાજ્યકક્ષાએ વિજેતા

જિલ્લા કક્ષાની શાળાકીય જુડો અન્ડર-૧૭ વર્ષની રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં નાંદોલ કુમાર આદર્શ નિવાસી શાળા (વિ.જા.) સ્પર્ધક ઠાકોર કેતનસિંહ કલ્યાણસિંહ સમગ્ર ગુજરાત રાજ્યની ૫૮ કિલો વજનની સ્પર્ધામાં દ્વિતીય ક્રમે વિજેતા બનેલ છે. નાયબ નિયામક શ્રી ઠાકર તથા આચાર્યશ્રી ભૂપેન્દ્રસિંહ બારૈયા, સ્ટાફ કર્મચારી શ્રી વી.કે. ચૌધરી, સોનલ વાઘેલાએ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રેરણા વિદ્યાલયની ટીમ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લા કક્ષાની નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ૨૦૧૪ સ્પર્ધા ગાંધીનગર ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયની ટીમે ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો ત્યારે પ્રેરણા વિદ્યાલયની ટીમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ રાજ્યકક્ષાએ પસંદગી થવા પામી છે.

ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ સ્પર્ધામાં જિલ્લાની શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રેરણા વિદ્યાલય સેકટર-૫ દ્વારા ચક્રવાત તેની અસરો, પ્રબળતા આવર્તન અને તેની હવામાન પર અસરો વિષય પર ભાગ લીધો હતો. ત્યારે આ ટીમના શ્રેષ્ઠ પ્રદર્શન બદલ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે. સ્પર્ધામાં આરતી ગોડલીયા, અભિષેક પંડયા, દર્શક છાયા, દર્શન છાયા અને તીર્થ મેનગર એ ભાગ લીધો હતો.

વિકેર ફાઉન્ડેશન દ્વારા બાળદિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૮

શ્રીમતી એસ.જી. શુકલ કન્યા વિદ્યાલયની બાળાઓને સારું પરિણામ લાવવા, યાદશકિત, આત્મવિશ્વાસ યોગ દ્વારા કઈ રીતે વધારી શકાય તેનું નિદર્શન કરવામાં આવ્યું હતું. બાળદિન નિમિત્તે બેટી બચાવો વ્યસન મુકિત, પર્યાવરણ જાળવણી, જેવા કાર્યક્રમની રજુઆત કરવામાં આવી હતી. સંચાલન શ્રી જે.સી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

હરિની દૃષ્ટિ...

સાહેબ, શંકમંદ તરીકે આને પકડ્યો... પણ એ કહે છે... હવેના ટાઇમમાં દારૂ તો નાના બાળકો માટેનું કામ છે... હું તો સોનાની દાણચોરીમાં છું... !!

ભોળાભાઈ પટેલ કોલેજમાં રાજ્ય કક્ષાનો આઈના-મેગ્નેટ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

મેનેજમેન્ટના વિદ્યાર્થીઓના ઘડતરમાં ચાવી રૂપ ભૂમિકા અદા કરતું 'આઈના-મેગ્નેટ' કાર્યક્રમ નગરના આંગણે યોજવામાં આવશે. જેમાં રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલ ભોળાભાઈ પટેલ બી.બી.એ. કોલેજ દ્વારા રાજયકક્ષાનો આઈના મેગ્નેટ કાર્યક્રમ યોજાશે. આગામી તા. ૩ થી ૬ ડિસેમ્બર દરમિયાન કોલેજ ખાતે યોજવામાં આવશે.

આઈના મેગ્નેટ કાર્યક્રમમાં સમગ્ર રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. તેમજ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન તમામ યુનિવર્સિટી અને કોલેજના વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમ સિવાય વિદ્યાર્થીઓના ભવિષ્યમાં ઉપયોગી કેરીયર લોન્ચ કિવઝ સ્પર્ધા પણ યોજવામાં આવનાર છે જે સરકારી નોકરી, બેંકીંગ, જીપીએસસી, યુપીએસસી સહિતની પરીક્ષાઓમાં મદદરૂપ થઈ શકશે.

સંગીત સ્કુલની મુલાકાત લીધી

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલના વિદ્યાર્થીઓને આર.એન. લલીત કલા સંગીત સ્કુલની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. સંગીત શાળામાં આવેલ સંગીતના સાધનો ડ્રમ, હાર્મોનિયમ, તાનપુરો, ગિટાર, ખંજરી, વાંસળી, સહિતના સાધનોની માહિતી પુરી પાડવામાં આવી હતી. શાળાના ધોરણ-૬ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે મુલાકાત ગોઠવવામાં આવી હતી. આ સમયે વર્ગ શિક્ષક અર્ચના પટેલ, ભૂમિ પટેલ, કુંજલ પટેલ, આચાર્ય દિનાબેન ડોડિયા જોડાયા હતા.

મંગલજીવન મિત્ર વર્તુળનો મિલન સમારોહ યોજાશે

મંગલજીવન મિત્ર વર્તુળનો દ્વિતિય સ્નેહમિલન સમારોહ યોજવામાં આવશે. આગામી તા. ૨૩ નવેમ્બર રવિવાર સવારે ૧૦.૩૦ કલાકે મંગલ જીવન ટ્રસ્ટ, સેદ્રાણા ખાતે યોજાશે. સમારોહના પ્રમુખ તરીકે અશોકભાઈ પટેલ, પ્રમુખ ચોર્યાસી કડવા પાટીદાર સમાજ, મુખ્ય મહેમાન તરીકે ગૌરાંગભાઈ પટેલ ચેરમેન એ.પી.એમ.સી. ઊંઝા, ડૉ. કેશુભાઈ દેસાઈ, મુર્ધન્ય સાહિત્યકાર ગાંધીનગર ઉપસ્થિત રહેશે.

હસો... હસાવો.. અને હસી નાખો... હસતા-હસાવતાં જિંદગી જીવવાની વાતો...

ગાંધીનગર કલ્ચરલ ફોરમનાં 'અર્ક' વ્યાખ્યાનમાળામાં હાસ્યનો પ્યાલો... ગુજરાતના લોકપ્રિય હાસ્ય કલાકાર, લેખક, ચિંતક, ફિલોસોફર શાહબુદ્દીન રાઠોડે હસતાં-હસતાં જીવી જવાના હાસ્યના ખજાનામાંથી લાખ રૂપિયાની વાતોની લ્હાણી કરતાં કાઢ્યો હાસ્યનો વરઘોડો

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી પ્રત્યેક વર્ષે જેમની સફળતાનો સેન્સેક્સ ઉપર જ જાય છે એવી ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંસ્થા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સાથે સાથે સભ્ય અને સુસંસ્કૃત સમાજના નિર્માણ માટે એમના ૨૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણીના ભાગરૂપે 'અર્ક' વ્યાખ્યાનમાળાના પાંચ વ્યાખ્યાન આયોજીત કર્યા છે. પ્રથમ અર્કનો પ્યાલો ગુણવંત શાહ દ્વારા અને બીજો હાસ્યનો પ્યાલો પીવરાવવાં શાહબુદ્દીન રાઠોડ રમૂજના બેતાજ બાદશાહ આજે હાજર હતા...

સતત તનાવ ભરેલી યંત્રવત જિંદગી, ભૌતિક સુખ-સુવિધા પાછળ સમય ખર્ચતી ક્ષણોમાંથી આનંદમાં પરિવર્તીત કરવા, જીવનને માણવા માટે ઊભા થતા ખાલીપાને ભરવાં સમયાંતરે વિવિધ રસના 'અર્ક'ના પ્યાલા ઉતારવા જરૂરી છે. આપણે મોટાભાગે થોબડાં ચઢાવીને જીવતા હોઈએ છીએ. એમાંથી હસતાં હસતાં જીવન જીવવાની સમજણ કેળવવા માટેની ગુરુ ચાવી આપવા આજે શાહબુદ્દીન રાઠોડ આવ્યા છે એવી વાત પ્રમુખ કૃષ્ણકાંત જહાએ કરી અને સાથે જ 'જીવવું છે મારે જોરદાર' ના વિષય સાથે પૂ. મોરારિ બાપુ ડિસેમ્બરમાં પધારી રહ્યાં છે ની જાહેરાત કરી.

'ફૂલો હસતાં શીખવે છે' હાસ્યના શહેરશાહને હાસ્યના પ્રતિક જેવા ગુલદસ્તાથી સી.એસ. મહેતા અને વિણાબેન પટેલે આવકાર્યા. કડી કેમ્પસમાં આવેલા ખિમજી વિશ્રામ હોલમાં ઠંડીમાં ધ્રુજી ન જવાય એટલે શાહબુદ્દીનને જયોતિન્દ્ર વ્યાસે શાલ ઓઢાળી સ્વાગત કર્યું... 'વનેચંદનો વરઘોડો' અને થાનના પાત્રો સુલેમાન, નટુ, મથુર, દામોદર, વિઠ્ઠલ, રઘો, પ્રાણલાલ એ શાહબુદ્દીનની ઓળખ માટે પુરતાં છે એવી વાત સાથે લાલા કાકાએ વક્તાનો પરિચય કરાવ્યો...

'વનેચંદના વરઘોડા' સાથે ૧૪ નવેમ્બર ૧૯૬૯થી શાહબુદ્દીને જે હાસ્યના ઢોલ વગાડ્યાં છે તે આજે ૪૫ વર્ષના વહાણા બાદ પણ એ જ પાત્રો એ જ વાતો હાસ્ય ઉત્પન્ન કરવાં સક્ષમ છે... ફિલસુફી, માર્મિકતા, ચિત્રકાર, શિક્ષણ, લેખક, નાટક એમ અનેક ક્ષેત્રે મહારથ હાંસલ કરેલું છે. સાચું અને નિર્દોષ હાસ્ય પીરસવામાં એમની સૌરાષ્ટ્રની મિઠડી બોલી પણ કામ લાગેલી છે...

'તુમ હસોગે તો હસેગી યે દુનિયા' જેવી જીવતરની જડીબુટ્ટી સાથે શાહબુદ્દીન રાઠોડે હાસ્યનો હોલ સંભાળી લીધો... વેરાન થયેલા વતનની યાદ કરી જીવ્યો છું સાથે કહ્યું કે ભરેલી બંદૂકથી એક જ વ્યક્તિ બીવે જયારે ખાલી બંદૂકથી બે જણ બીવે... એક વકીલ એના અસીલને માર્યાનું જે વર્ણન કર્યું ત્યારે આરોપી બોલ્યો, 'મને આટલો બધો માર્યો એ તો આમણે કીધાં પછી ખબર પડી' સાથે શાહબુદ્દીન બોલ્યાં કે, 'આ ભાઈએ મારો આટલો સવિસ્તાર પરિચય કરાવ્યો ત્યારે ખબર પડી કે મારામાં આટલા સદ્‌ગુણ છે.' માનવજીવનના રોજબરોજના કિસ્સામાં હાસ્ય સર્જવું કે જે પરિવાર સાથે બેસીને માણી શકે.

ગાંધીજીએ કીધેલું વાક્ય, 'જો મારામાં હાસ્યવૃત્તિ ન હોત તો મેં આત્મહત્યા કરી હોત...' હાસ્યમાં ગંભીરતા અને ગંભીરતામાં હાસ્ય હોવું જોઈએ. શિક્ષક ચારિત્ર્યશીલ અને જ્ઞાની હોવો જોઈએ, એમાં જ્ઞાની થોડો ઓછો હોય એને પાછા દઈ દો... એકભાઈને કીધું કે તમાકું ન ખાવ એ ધીમું ઝેર છે, તો એમણે કીધું, 'આપણેય કયાં ઉતાવળ છે...'

'વસ્તુ ખોવાય એની વેદના, વર્ષો ખોવાય એનું કાંય નહીં' ની કાવ્ય પંક્તિઓ સાથે સિકંદરની વાત કરી. 'અશ્વની જેમ દોડી હાંફે છે માનવી. મન ભરેલાને હૃદય ખાલી એનું કાંય નહીં...' આપણું હૃદય લેફ્ટમાં આવેલું છે, પણ એ ઑલવેજ રાઈટ હોય છે... કાર્યક્રમ ચાલુ થયા બાદ આવેલા શ્રોતાઓ પેસેજમાં બેસી ગયા એ બધાંને સ્ટેજ પર બોલાવીને આગ્રહથી બેસાડ્યાં અને પછી કીધું કે, 'આ બધાં તો સમયસર જ છે. આપણે જરા વહેલા ચાલું કરી

દીધું.' અને માઈકમાં થતાં સતત અવાજથી એમણે કોમેન્ટ કરી કે, લગ્નમાં રૂપીયાં ખુબ વપરાતાં હોય અને ખલાસ થવા આવે અને ઢોલીનો વારો આવે,



એમ આગળના બધાં બોલીને ગયાં માઈકને કોય નો થ્યું ને મારો વારો આવ્યોને કડાકા-ભડાકાં શરૂ.. આ બંને વાતથી એમણે એમની સેન્સ ઓફ હ્યુમરનો પરચો આપી દીધો...

મથુરને મહેમાન માટે કંઈક લઈ આવવા કહ્યું તો એ રિક્ષા લઈને આવ્યો... મથુર પાસે રોજ એની પત્ની ૨૦૦ રૂપિયા માગે, શેના માટે? તો કે હું એને આપું તો ખબર પડે ને? હસવું અને વિચારવું બંને સાથે જ ન બને. વિચારો જ આપણને વધુ પરેશાન કરે છે... 'આઈ' ઑલવેઝ કેપિટલ એટલે 'હું' સૌને નડતો હોય છે. એને આડો કરો એટલે ઈશ્વર તરફ જવાનો માર્ગ બની જાય, જેટલો 'આઈ' મોટો એટલો રસ્તો કઠીન... વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ વજૂભાઈ વાળાને એમને પત્નીએ કીધું કે, 'શાહબુદ્દીન રાઠોડ એનું એ જ બોલ્યા કરે છે, તોય કેમ જાવ છો?' વજૂભાઈ કહ્યું, 'અહિંયા ય શું નવું હોય છે?' જે ખડખડાટ હસે છે એનાં હૃદયમાં બૂરાઈ નથી હોતી...

અપેક્ષા અને વાસ્તવિકતા વચ્ચેનું અંદર એટલે સમસ્યા... 'અમેરિકા જવાનો વિચાર છે, શો ખર્ચ થાય?' કાંઈ નહીં, વિચાર કરવાનો શો ખર્ચો થાય...? કયાં ટકવું અને કયાં અટકવું? એ ખબર પડી જાય તો જીવન સફળ બની જાય... મુલ્લા નસરૂદ્દીન દારૂ પીવા બેઠાં, અને એની પત્ની ત્યાં આવી તો એનેય એક પેગ બનાવીને આપ્યો, એણે ઘૂંટડો ઉતારતાં જ થૂંકીને કીધું, 'આ તો કડવું છે' તો મુલ્લા બોલ્યા, 'તે તને એમ કે અમે અહીં જલ્સા કરવા આવીએ છીએ?' પત્ની કહે ચાલો ઘરે તમને શરબત પીવડાવું. જેમની પત્ની પતિને પ્રેમથી ઘરે શરબત પીવડાવે એને દારૂના કડવાં ઘૂંટડાની જરૂર નથી પડતી... જિંદગીની કિતાબ વાંચી શકાય પણ બદલી ન શકાય...

યુવાનો અને પ્રેમની હળવી વાતો સાથે જોરદાર રમૂજ કરાવતાં, બે ગીતો તું મેરા ચાંદ મેં તેરી ચાંદની અને લોચા પડે તો કહેદો કોઈ ના કરે યહાં પ્યાર સાથે એમનો સુપરડુપર શેર,

'જમાનો જો હોય કાળો નાગ, તો હું પણ મદારી છું,
પછાડું ઉડતા પંખીને એવો હું શિકારી છું
ખરેખર બાદશાહ બેતાજ છું, આખી આલમનો,
છતાં આપની મીઠી નજર કાજે ભિખારી છું'

અને આ સાથે વિઠ્ઠલના લગ્નની વાતો મંડાઈ... વરરાજા એટલે ગરમા ગરમ ગાંઠીયા અને કિટલી ભરેલી ચા, પછી થાય જંગલ જવાની તૈયારી. વરરાજા સાફા સાથે જાય અને લોટો અણવર પકડે, આગળ ઢોલી પાછો ઢોલ વગાડે અને આ વરરાજા અઢી વિઘાના ખેતરમાં એકલો બીડી સળગાવી કાર્યક્રમ કરે... થાન એ સિરામીકલ માટે પ્રખ્યાલ છે અને એમને સેન્સ ઓફ ગોડ ગિફ્ટમાં મળી છે... હેનરી ફોર્ડનો ગાડીનો અનુભવ 'ઠાંઠા જેવી ગાડી...' મુરતીયો જોઈએ એટલે ખબર પડે... બર્નાડ શો પુલ પરથી પસાર થાય અને અંગુલીમાન જેવી વાતો ગંભીર અને હાસ્યરસ મિશ્રીત રજૂ થઈ...

જિંદગીમાં તનાવ વધશે એમ હાસ્યની જરૂર પડશે. પ્રધાનની ગાડી પાગલખાને બગડી... મોટા ગોળા પરનું બુઝારું... દુઃખી માણસે પદયાત્રા બહુ કરે... સાયકલ સાથે અથડાયો તો બચી ગયા બાકી હું ટ્રક ડ્રાઈવર છું.... ભિખારી અને ચા-ગાંઠીયા-રિક્ષાની રમૂજ... ટિકીટ હોય ત્યારે ટીટી ન આવે અને ભૂખ લાગે ત્યારે ખાવાનું ન મળે એ જિંદગીની વાસ્તવિકતા છે... અમીરોના પેશાબમાં ખાંડ જાય છે અને આપણને ચા માં ન મળે...? મંદિરમાં અન્નકુટના દર્શન કરીને ચાલતા થઈએ... લગભગ બે-ત્રણ વાત બાદ કરીએ તો એ જ વાતો, એ જ કિસ્સા, એ જ તત્ત્વચિંતન અને છતાંય ફરી એ જ ફેશનેસ અપાવે એટલે તો ૪૫ વર્ષની હાસ્ય યાત્રા બાદ લિમિટેડ સ્ટોક છતાં એ અનલીમિટેડ હાસ્ય આપવામાં સફળ રહ્યાં છે...

માત્ર ડાયરામાં હાસ્યની આગેવાની કરતાં શાહબુદ્દીન રાઠોડને આજે 'હસો... હસાવો અને હસી નાખો'ના વિષય સાથે અલગ અંદાઝમાં રજૂ કરીને શ્રોતાઓને 'અર્ક'માં હાસ્યનો પ્યાલો પીવડાવવા માટે 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ'ને અનેક અભિનંદન...